# શ્રી સમકિતના સડસઠ બોલની સજઝાય

: પ્રકાશક :

શ્રી શ્રુતજ્ઞાનપ્રસારક સભા - અમદાવાદ.

# શ્રી સમકિતના
# સડસઠ બોલની સજઝાય

: પ્રકાશક :

શ્રી શ્રુતજ્ઞાનપ્રસારક સભા - અમદાવાદ.

સં. ૨૦૬૬ ઈ.સં. ૨૦૧૦

શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય

પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાનપ્રસારક સભા-અમદાવાદ.

પ્રતિ : ૫૦૦

મૂલ્ય : રૂા. ૧૦/-

પૃષ્ઠસંખ્યા : ૩ + ૭૯

દ્વિતીય આવૃત્તિ : સં. ૨૦૬૬

## પ્રાપ્તિસ્થાન


- **શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**

  **C/o. જિતેન્દ્રભાઇ કાપડિયા**

  અજંતા પ્રિન્ટર્સ

  ૧૨-બી, સત્તર તાલુકા સોસાયટી,

  પોસ્ટ : નવજીવન, અમદાવાદ-૧૪.

  ફોન : (ઓ) ૨૭૫૪૫૫૫૭, (રહે.) ૨૬૬૦૦૯૨૬

- **શરદભાઇ શાહ**

  ૧૦૨, વી.ટી. એપાર્ટમેન્ટ,

  દાદાસાહેબ પાસે, કાળાનાળા,

  ભાવનગર-૩૬૪૦૦૧.

  ફોન : ૨૪૨૬૭૯૭

**વિજયભાઇ બી. દોશી**

સી-૬૦૨, દત્તાણીનગર,

બિલ્ડીંગ નં.-૩, એસ.વી. રોડ,

બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨

મો. ૯૩૨૦૪૭૫૨૨૨


**મુદ્રક** : કિરીટ ગ્રાફીક્સ - અમદાવાદ. ફોન : ૨૫૩૫૨૬૦૨

श्री

# समकितना सडसठ बोलनी सज्झाय

# સમકિતના સડસઠ બોલની સજઝાય

**દુહા...**

સુકૃતવલ્લિ કાદંબિની,
સમરી સરસ્વતી માત;
સમકિત સડસઠ બોલની,
કહીશું મધુરી વાત. ૧

સમકિતદાયક ગુરુતણો,
પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી,
કરતાં સર્વ ઉપાય. ૨

દાનાદિક કિરિયા ન દિયે,
સમકિત વિણ શિવ-શર્મ,
તે માટે સમકિત વડું,
જાણો પ્રવચનમર્મ. ૩

ગાથાર્થ :

સુકૃત એટલે પુણ્યરૂપ વેલને વધારવાને માટે મેઘની પંક્તિ સમાન એવી સરસ્વતી માતાને યાદ કરીને એટલે તેનું ધ્યાન ધરીને અમૃતસમાન મીઠી એવી સમકિતના સડસઠ બોલની વાત કહીશું. ૧

સમકિતતા આપનાર ગુર્વાદિકનો સર્વ પ્રકારે યત્ન કરતાં કોડાકોડ ભવે કરીને પણ પ્રત્યુપકાર થઈ શકતો નથી. એટલે જો કોડાકોડ ભવ સુધી ગમે તે ઉપાયથી તેમની સેવના કરીએ તો પણ જે સમકિત એમણે આપ્યું છે તેનો બદલો વળી શકતો નથી. ૨

એક નિર્મલ નિશ્ચલ સમકિત વિના દાનાદિક ક્રિયા એટલે દાન[૧], શીલ[૨], તપ[૩] ઈત્યાદિક ક્રિયાકાંડ તે, મોક્ષસુખ આપી શકતું નથી; જ્યારે સમકિત આવે ત્યારે જ મોક્ષસુખ આપે છે, માટે સમકિત મોટું છે તે, પ્રવચન એટલે સિદ્ધાંતનું રહસ્ય છે એમ જાણો. ૩

*<u>મૂળ :</u>*

*દર્શનમોહવિનાશથી,*
*જે નિર્મલ ગુણઠાણ;*
*તે નિશ્ચય સમકિત કહ્યું,*
*તેહનાં એ અહિઠાણ. ૪*

**ઢાળ-પહેલી**

(રાગ-વીર જિનેશ્વર ઉપદિશે - એ દેશી)

*ચઉ સદ્દહણા તિ લિંગ છે,*
*દશવિધ વિનય વિચારો રે;*
*ત્રણ શુદ્ધિ પંચ દૂષણ,*
*આઠ પ્રભાવક ધારો રે. ૫*

હરિગીત છંદ...

*પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,*
*ષટ્ જયણ ષટ્ આગાર, ભાવના છવ્વિહા મન આણીએ;*
*ષટ્ ઠાણ સમકિતતણાં; સડસઠ ભેદ એહ ઉદાર એ...*
*એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬*

ગાથાર્થ :

દર્શનમોહ એટલે સમકિતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયના તથા અનંતાનુબંધીની ચોકડીના નાશથી (ઉપશમાવવાથી) જે નિર્મલ એટલે મિથ્યાત્વરૂપ મેલરહિત એવું અવિરતિ સમકિત-દૃષ્ટિ ગુણઠાણું પ્રકટે છે, તેને જ નિશ્ચય સમકિત કહ્યું છે. તેનાં આ અધિષ્ઠાન એટલે રહેવાનાં ઠેકાણાં છે, તે નીચે મુજબ : ૪

સદ્દહણા એટલે ચાર શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ અને આઠ પ્રભાવક, એ રીતે ૩૩ પ્રકાર થયા. ૫

આઠ પ્રભાવક પછી પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ પ્રકારની ભાવના એ મનમાં જાણીએ. તે પછી છ સમકિતનાં સ્થાનક; એ રીતે સમકિતના સડસઠ ભેદ થયા; તે ઘણા ઉદાર એટલે મનોહર અથવા સર્વોત્તમ છે, કેમકે સર્વને ઘણા ગુણકારી છે. એ સડસઠ બોલનો તત્ત્વ જે પરમાર્થ તેનો વિચાર કરતાં ચાર ગતિ ભ્રમણરૂપ સંસારસમુદ્રનો પાર પામીએ એટલે મોક્ષ પામીએ. ૬

*મૂળ :*

**ઢાળ : ચાર શ્રદ્ધા**

*ચઉવિહ સદ્દહણા તિંહા,*
*જીવાદિક પરમત્થો રે;*
*પ્રવચનમાંહી જે ભાખિયા,*
*લીજે તેહનો અત્થો રે. ૭*

## ગાથાર્થ :

હવે ચાર ભેદે સદ્દહણાનો અર્થ કહે છે : - જીવાદિક નવતત્ત્વ રૂપ પદાર્થનો પરમાર્થ-રહસ્ય જાણવો તે કહે છે. શુભઅશુભ કર્મનો કર્તા, શુભ અશુભ કર્મનો ભોક્તા, ચૈતન્ય ઉપયોગ લક્ષણવંત તે જીવતત્ત્વ કહીએ ૧, એથી ભિન્ન લક્ષણચેતના રહિત તે અજીવ તત્ત્વ કહીએ ૨, શુભ કર્મના પુદ્‌ગલને અથવા તે બાંધવાનાં કારણને પુન્ય તત્ત્વ કહીએ ૩, અશુભ કર્મ પુદ્‌ગલને અથવા તે બાંધવાનાં કારણને પાપ તત્ત્વ કહીએ ૪, કર્મ આવવાનું કારણ-કર્મ બાંધવાના હેતુભૂત મિથ્યાત્વાદિને આશ્રવ તત્ત્વ કહીએ ૫, આવતાં કર્મના હેતુભૂત મિથ્યાત્વાદિને રોકવાં તેને અથવા આવતાં કર્મ રોકવાં, પાંચ સમિતિ આદિનું સેવન કરવું તેને સંવર તત્ત્વ કહીએ ૬, આત્માથી કર્મને એક દેશે છૂટાં કરવાં તેને નિર્જરા તત્ત્વ કહીએ ૭, અન્યોઅન્ય આત્મપ્રદેશ સાથે કર્મનો સંયોગ, વહ્નિ અયઃપિંડની પરે (એટલે અગ્નિમાં તપાવેલા લોઢાના પિંડને અને અગ્નિને સંબંધ છે તે રીતે) અથવા ક્ષીરનીરની પરે (એટલે પાણી ને દૂધ એકઠાં કરેલાં એકમેક થાય છે તેની પેઠે) થાય છે તે બંધ તત્ત્વ ૮, અને આત્મપ્રદેશથી કર્મનો અત્યંત અભાવ એટલે તેનો સર્વથા પ્રકારે વિયોગ કરવો અથવા કર્મને જુદાં પાડી જીવના પ્રદેશને નિરાવરણ કરવા તે મોક્ષતત્ત્વ કહીએ ૯, એ જીવાદિક પદાર્થનો અર્થ જાણવો એટલે જીવાદિક નવતત્ત્વરૂપ પદાર્થનો પરમાર્થ, પ્રવચન જે સિદ્ધાંત તેને વિશે કહ્યો છે તેનો અર્થ હૃદયને વિષે ધારીએ તથા સદ્દહીએ. ૭

મૂળ :

## હરિગીત છંદ

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે; જાણ મુનિ ગુણ જવહરી.
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજીએ જીમ, પીજીએ સમતાસુધા. ૮

## ગાથાર્થ :

એ જીવાદિક નવ પદાર્થનો અર્થ વિચારીને સદ્દહીએ, ધારીએ તેને પહેલી સદ્દહુણા કહીએ. આગમ માંહે કહ્યું છે કે :-

**जीवाई नव पयत्थे, जो जाणीए तस्स होई सम्मत्तं,**
**भावेण सद्दहन्तो, अयाणमाणेवि सम्मत्तं ॥१॥**

એ ગાથાથી અર્થ વિચારો. આ પ્રકારે જીવાદિ નવ તત્ત્વનું રહસ્ય જાણી સદ્દહવાથી પહેલી સદ્દહણા થાય છે. હવે બીજી સદ્દહણા કહે છે. સમકિતના જાણ પુરુષ જે મુનીશ્વર તેમને ગુણ પારખીને આદરવા; જેમ ઝવેરી હીરાની તથા ઝવેર, મણિ, માણિક, મોતી પ્રમુખની પ્રથમ પરીક્ષા કરી આંક દઈને પછી મૂળ કહે છે (આદરી લે છે) તેમ (જાણ પુરુષે) મુનિશ્વરના ગુણ ઓળખીને સદ્દહવા. 'ઈતિ રહસ્યં જ્ઞેયં.' વળી તે મુનિ કેવા હોય તેને આશ્રયીને કહે છે. સંવેગ, તે રાગદ્વેષે કરી વર્જિતપણું તેનો રંગ, તેનો તરંગ જે કલ્લોલ તેને વિશે સદા ઝીલે છે; તથા શ્રી વીતરાગપ્રણીત શુદ્ધ નિર્મલ માર્ગ પ્રત્યે શુદ્ધ પ્રરુપે કે૦(=કહેતાં) પોતાની મતિ કલ્પના વર્જિત માર્ગ કહે. જે બુદ્ધિવંત પંડિત જિનાગમના જા[illegible] અને શુદ્ધભાષક હોય તે જિનાગમને અનુસરી પોતે પ્રવર્તે અને શુદ્ધમાર્ગે અન્યને પણ પ્રવર્તાવે. એવા મુનિરાજ રત્નત્રયાત્મક ધર્મના આરાધક શુદ્ધ સંયમી, નિષ્કપટી, તત્ત્વના જાણ, તેમની સેવા કરનાર સમતારૂપ સુધા કે૦ અમૃત પીએ. જેમ અમૃતનો બિંદુ પીવાથી અજરાપણું કે૦ ઘડપણરહિત થવાય તેમ શુદ્ધ સમકિતીને મુનિરાજની સેવા કરતાં અવ્યાબાધ સુખની-મોક્ષની પ્રાપ્તિ હોય. એ મુનિરાજની સેવારૂપ બીજી સદ્દહણા કહીએ. ૮

મૂળ :

સમકિત જેણે ગ્રહી વમ્યું,
નિહ્નવ ને અહાછંદા રે;
પાસત્થા ને કુશીલિયા,
વેષ વિડંબક મંદા રે. ૯

*ગાથાર્થ :*

*સમકિત લેઈને જે માણસે વમ્યું, ત્યાગ કર્યું એટલે સમકિતથી પડ્યા. તે પ્રાણી કેવા જાણવા ? નિન્હવ એટલે જિનમતના ઉત્થાપક અને સ્વમતના સ્થાપક, અહાછંદા એટલે સ્વેચ્છાચારી, પાસત્થા એટલે નિયતસ્થાનકવાસી, કુશીલિયા એટલે શીલરહિત, આચારરહિત જાણવા. યતઃ*

**दंसणलट्ठो, दंसणलट्ठुस्स नत्थि निव्वाणं;**
**सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥**

*અર્થ-સમકિતથી ભ્રષ્ટ થયો તેને ભ્રષ્ટ કહીએ; સમકિતથી ભ્રષ્ટ થયેલાને મોક્ષ ન હોય; ચારિત્રરહિત માણસો તો સિદ્ધિ પામે છે પણ સમકિત રહિત માણસ સિદ્ધિ પામતાં નથી. એ સમકિતથી ભ્રષ્ટ થયેલા માણસો કેવા હોય છે તે કહે છે. તેઓ પરિગ્રહથી અસંતુષ્ટ હોય છે, ઈન્દ્રિયવિષયમાં લોલુપ્ત હોય છે, માયામોસ સેવનારા, બગવત્ પાદસંચારી, ધૂર્તધ્યાનવત્ હૃદયમાં દુષ્ટ ધ્યાનધારી, મોઢે મીઠા અને અંતઃકરણમાં કપટી, સારા આહારને લેતા અને ખરાબ આહારનો ત્યાગ કરતા એવા કુમતિ એટલે દુષ્ટ બુદ્ધિવંત, અવિધિના પ્રવર્તાવનાર, મમત્વવંત, કદાગ્રહી, મધ્યસ્થ-ગુણરહિત તથા વેષને વગોવનાર, મંદ, અજ્ઞાની હોય છે. ૯*

*મૂળ :*

## હરિગીત છંદ

*મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,*
*પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી;*
*હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,*
*જ્યું જલધિ જલમાં ભલ્યું, ગંગા નીર લુણપણું લહે. ૧૦*

## ગાથાર્થ :

એવા મંદમતિ જે મંદજ્ઞાની તથા અજ્ઞાની, જ્ઞાનવર્જિત એવાને અળગા કરીને ત્રીજી સદ્દહણાને ગ્રહીએ. એ પાસત્થાદિકના પ્રસંગ તજવારૂપ ત્રીજી સદ્દહણા કહી. હવે ચોથી સદ્દહણા કહે છે. જૈનદર્શનથી વિપરીત, પરદર્શની ૧ બૌધમત, ૨ સાંખ્યમત, ૩ જૈમિનીય, ૪ નૈયાયિક, ૫ વૈશેષિક અને ૬ ચાર્વાક તથા બ્રાહ્મણ, તાપસ, કુલિંગી, ત્રિદંડીયા પ્રમુખનો સંગ છાંડીએ તે ચોથી સદ્દહણા કહી. અહી દષ્ટાંત કહે છે. જે ઉત્તમ પુરુષ નીચનો સંગ ત્યાગ કરે નહિ તેના ગુણ રહે નહિ અને નીચનો સંગ છોડે તો જ ગુણ રહે. જેમ સમુદ્રના જળમાં ગંગાનું પાણી ભળે તો લૂણપણું લહે એટલે ખારું પાણી થાય ત્યારે ગંગાના પાણીનો મૂળ સ્વાદ અને મૂળ ગુણ ન રહે તેમ પરદર્શનીનો સંગ કરતાં થકાંસમ્યકત્વાદિ મૂળ ગુણ ન રહે. તે માટે પરદર્શનીનો સંગ છોડીને વર્તે. એ પ્રમાણે અન્ય દર્શનીનો સંગ તજવારૂપ ચોથી સદ્દહણા કહી. ૧૦

*મૂળ :*

## ઢાળ-બીજી-ત્રણ લિંગ

(જંબૂદ્વીપના ભરતમાં રે - એ દેશી)

*ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલો શ્રુત અભિલાષ;*
*જેહથી શ્રોતા રસ લહે રે જેહવો સાકર-દ્રાખ રે,*
*પ્રાણી ! ધરીયે સમકિત રંગ;*
*જિમ લહિએ સુખ અભંગ રે. પ્રાણિ... ૧૧*

*તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે,*
*ચતુર સુણે સુરગીત;*
*તેહથી રાગે અતિઘણે રે,*
*ધર્મ સુણ્યાની રીત રે. પ્રાણી... ૧૨*

*ગાથાર્થ :*

હવે સમકિતનાં ત્રણ લિંગનું સ્વરૂપ કહે છે :- સમકિતનાં લિંગ એટલે જેણે કરી સમકિતને ઓળખીએ એવાં ચિહ્ન તેને લિંગ કહીએ. એનું સ્વરૂપ કહે છે; ત્રણ લિંગમાં પહેલું શ્રુત-અભિલાષ જે શ્રુતસિદ્ધાંતની અભિલાષા, વાંચ્છા એટલે જિનોક્ત આગમ સિદ્ધાંત સાંભળવાની ઈચ્છા-અતિ-આદરપૂર્વક સાંભળવું; જે સિદ્ધાંત સાંભળવાથી શ્રોતા પુરુષ સાકર અને દ્રાક્ષના જેવા મીઠા રસને પામે. હે ભવ્ય પ્રાણી ! સમકિતને વિશે ખરો રંગ કરીએ અથવા સમકિતને વિશે રાગ અસ્થિમજ્જા ધારીએ; જેમ અનાગતકાળે અભંગ સુખ એટલે મોક્ષ સુખ પામીએ. ૧૧

હવે શ્રુત સાંભળવાની પ્રીતિ કહે છે :- કોઈ તરુણ એટલે જુવાન પુરુષ, ચિંતાથી વર્જિત, રોગરહિત, સુખી હોય, વળી સુરૂપા સુલક્ષણ સહિત સ્ત્રી સાથે, સુખે પાંચ ઈન્દ્રિયનાં સુખ ભોગવતા થકી, સુરગીત જે દેવતા સંબંધી ગીતને તે ચતુર પુરુષ જેવા રાગથી સાંભળે એ થકી પણ ઘણા રાગ ધર્મ સાંભળવાની ઈચ્છા રાખે, તેને શ્રુત-અભિલાષી કહીએ; એ સમકિતનું પ્રથમ લિંગ જાણવું. ૧૨

મૂળ :

ભુખ્યો અટવી ઉતર્યો રે,
જિમ દ્વિજ ઘેવર ચંગ,
ઈચ્છે તિમ જે ધર્મને રે,
તેહિ જ બીજું લિંગ રે. પ્રાણી... ૧૩

વૈયાવચ્ચ ગુરુ-દેવનું રે,
ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક પરે કરે રે,
આળસ નવિ ય લગાર રે. પ્રાણી... ૧૪

ગાથાર્થ :

હવે સમકિતનું બીજું લિંગ કહે છે : જેમ કોઈ ક્ષુધાથી પીડિત બ્રાહ્મણ વિકટ વન ઉતરીને આવેલો હોય તે ચંગ કે૦ મનોહર એવાં ઘેવર દેખીને તે આવાની અત્યંત ઈચ્છા કરે તેમ જે પ્રાણી ધર્મને ઈચ્છે તેને ધર્મરાગ નામે બીજું લિંગ કહીએ. ૧૩

હવે ત્રીજું લિંગ વૈયાવચ્ચ નામે કહે છે :- જે ગુરુ તથા દેવની વેયાવચ્ચ કે૦ તેમનાં ચરણકમળની સેવા, ભક્તિ, બહુમાન, આહાર પાણી લાવી આપવું, ગુરુના વચનને અનુયાયી રહેવું એટલે ગુરુની આજ્ઞા અખંડિતપણે પાળવી તે વૈયાવચ્ચ કહીએ. તે વૈયાવચ્ચ વિદ્યાસાધકની પેઠે કરવી જોઈએ. જેમ કોઈ વિદ્યા સાધનાર પુરુષ લગાર માત્ર પણ આળસ કે૦ પ્રમાદ કરતો નથી અને વિદ્યાસાધન કરવામાં એક ચિત્ત લગાડે છે તેવી રીતે ગુરુદેવની વૈયાવચ્ચ કરવામાં એક ચિત્ત લગાડવું તેને વૈયાવચ્ચ નામે ત્રીજું લિંગ કહીએ. ૧૪

*મૂળ :*

## ઢાળ-ત્રીજી -દશ વિનય

### સમકિતનું મૂળ જાણીએજી. એ દેશી.

*અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;*
*ચેઈઅ જિનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ,*
*ચતુર નર, સમજો વિનય પ્રકાર,*
*જિમ લહીએ સમકિત-સાર. ચતુર નર... ૧૫*

*ગાથાર્થ :*

હવે સમકિતનો દશ પ્રકારનો વિનય કહે છે :- અરિહંત તીર્થંકર દેવ તે વિદ્યમાન વિચરતા, ચોત્રીશ અતિશયે સહિત, પાંત્રીશ વાણીના ગુણે બિરાજમાન, બાર ગુણે ગુણવન્ત એવા અરિહંત ભગવાનનો વિનય કરવો ૧. જ્ઞાનાવરણીયાદિક આઠ કર્મને ખપાવીને મોક્ષે પહોંચ્યા એવા આઠ ગુણે સહિત સિદ્ધ ભગવાનનો વિનય કરવો ૨. જે દેખી ગુણ ચેતીએ તે ચૈત્ય કહેવાય. એ ચૈત્ય શબ્દનો અર્થ જિનપ્રતિમા અથવા જિનબિંબ સૂત્ર સિદ્ધાંતને વિશે પ્રસિદ્ધ છે એટલે પ્રગટ પણે પાઠ છે એ ચૈત્યનો વિનય કરવો ૩. શ્રુત તે શ્રુતજ્ઞાન દ્વાદ્રશાંગી આચારાંગાદિ ૧૧ અંગ અને ૧૨મું દષ્ટિવાદ તે શ્રુત કે૦ સિદ્ધાંત આગમ તેનો વિનય કરવો. ૪. ચતુરનંર કે૦ હે પંડિત પુરુષો ! તમે હૃદયને વિશે દશવિધ વિનયનો ભેદ સમજો, જાણો જેથી સમકિતનું રહસ્ય પામીએ. ૧૫

મૂળ :

ધર્મ ખિમાદિક ભાખિયોજી,
સાધુ તેહના રે ગેહ;
આચાર જ આચરના જી,
દાયક નાયક જેહ. ચતુર.. ૧૬

ગાથાર્થ :

ધર્મ ક્ષમાદિક દશ પ્રકારનો સાધુધર્મ કહ્યો છે તે કહે છે : ૧ ખંતિ, ૨ મદ્દવ, ૩ અજ્જવ, ૪ મુત્તિ, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચન, ૧૦ બ્રહ્મચર્ય એ દશ ભેદે યતિધર્મ તેનો નિશ્ચય કરવો જોઈએ ૫. તે દશ પ્રકારના યતિધર્મનું ગેહ એટલે ઘર અર્થાત્ સ્થાન સાધુમુનિરાજ છે એટલે તે મુનિ દશવિધ યતિધર્મના ધારક છે તેમનો વિનય કરવો ૬. આચાર્ય જે પાંચ આચાર ૧ જ્ઞાનાચાર, ૨ દર્શનાચાર, ૩ ચારિત્રાચાર, ૪ તપાચાર, ૫ વીર્યાચાર એ પાંચ આચારના દાયક કે૦ આપનાર એટલે દેખાડનાર છે એટલે પંચાચાર પોતે પાળે અને બીજાને ઉપદેશ કરીને પળાવે તે આચાર્ય ધર્મના નાયક છે તેમનો વિનય કરવો ૭. ૧૬

*મૂળ :*

*ઉપાધ્યાય તે શિષ્યને જી,*
*સૂત્ર ભણાવણહાર;*
*પ્રવચન સંઘ વખાણિએ જી,*
*દરિસણ સમકિત સાર. ચતુર નર... ૧૭*

ગાથાર્થ :

વળી સૂત્ર તે સિદ્ધાંત ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ, ૪ મૂળસૂત્ર, ૧ નંદી ૧ અનુયોગ એ ૪૫ આગમનો શિષ્યને અભ્યાસ કરાવે તેને ઉપાધ્યાય કહીએ. તે ઉપાધ્યાયનો વિનય કરવો ૮. પ્રવચન કે૦ સિદ્ધાંત એટલે સૂત્ર ૧, નિર્યુક્તિ ૨, ભાષ્ય ૩, ટીકા ૪, ચૂર્ણિ ૫, એને પ્રવચન કહીએ. તથા વળી જીવ ૧, અજીવ ૨, પુણ્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સંવર ૬, નિર્જરા ૭, બંધ ૮, મોક્ષ ૯, એ નવ તત્ત્વને જાણે, આદરે તે સાધુ ૧, સાધ્વી ૨, શ્રાવક ૩, શ્રાવિકા ૪ તે પ્રવચન સંઘ કહીએ; એ પ્રવચન સંઘનો વિનય કરવો ૯. તથા દર્શન જે ઉત્તમ સમકિત તે ક્ષાયક, ક્ષયોપશમ, ઉપશમાદિ સમકિતનો વિનય કરવો ૧૦.

**यदुक्तं-सम्यग्दर्शनं सम्यक्त्व, तदभेदोपचारात्सम्य-क्त्वानपि दर्शनमुच्यते एवं प्रागपियथासंभवं वाच्य इति ।**

તે આત્મપ્રબોધ ગ્રંથે. સમકિતનો વિનય કહેવાથી સમકિતવંતનો વિનય પણ સમજી લેવો. ૧૭

મૂળ :

ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી,

હૃદય પ્રેમ બહુમાન;

ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી,

આશાતનની હાણ; ચતુર... ૧૮

ગાથાર્થ :

પ્રથમ ભક્તિ તે બાહ્ય પ્રણિપાત કરવો એટલે અષ્ટાંગ પ્રણામ કરવો તે કહે છે. ''ઉરસા ૧ શિરસા ૨ પ્રષ્ટા ૩ જાનૂ ૪ નાસા ૫ તથૈવચ; ગ્રીવા ૬ કરાભ્યાં ૭ નયનાભ્યાં, પ્રણામોષ્ટાંગ ઉચ્યતે.'' ૧ એ આઠ પ્રણામ તેનું વર્ણન કર્યું. અષ્ટાંગપ્રણામોભક્તિઃ તે બાહ્ય પ્રતિપત્તિથી જાણવો. ૧ હૃદયને વિશે પ્રેમ-સ્નેહ-રાગ ધરીને બહુમાન કરવું એ બીજો ભેદ બહુમાનનો કહ્યો છે. ૨ ગુણીના ગુણની સ્તુતિ કરવી એ ગુણસ્તુતિ ત્રીજો ભેદ. તે ગુણીના અવગુણ ઢાંકવા એ અવગુણ વર્જનાનો ચોથો ભેદ. અને આશાતનાની હાનિ કરવી એટલે જે જે આશાતના ટાળવી ઘટે તે ટાળવી એ આશાતનાની હાનિનો પાંચમો ભેદ. ૧૮

*મૂળ :*

*પાંચ ભેદે એ દશ તણો જી,*
*વિનય કરે અનુકૂળ;*
*સિંચે તેહ સુધારસે જી,*
*ધર્મ વૃક્ષનું મૂળ. ચતુર... ૧૯*

## ઢાળ-ચોથી - ત્રણ શુદ્ધિ

(ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે - એ દેશી)

*ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મન શુદ્ધિ રે;*
*શ્રી જિનને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિ રે.*
*ચતુર વિચારો ચિત્તમાં રે... ૨૦*

*જિન ભગતે જે નવિ થયું રે,*
*તે બીજાથી કેમ થાય રે;*
*એવું જે મુખે ભાખિએ રે,*
*તેની વચનશુદ્ધિ કહેવાય રે. ચતુર... ૨૧*

ગાથાર્થ :

જે માણસ ૧ ભક્તિ, ૨ બહુમાન, ૩ ગુણસ્તુતિ, ૪ અવગુણ વર્જના, ૫ આશાતનાનો ત્યાગ એ પાંચ ભેદે કરી અરિહંતાદિક દશનો વિનય કરે એટલે ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, ૪ શ્રુત, ૫ ધર્મ, ૬ સાધુવર્ગ, ૭ આચાર્ય, ૮ ઉપાધ્યાય, ૯ પ્રવચન અને ૧૦ દર્શન એ દશેનો પાંચ પ્રકારે અનુકૂળ વિનય કરે તે માણસ વિનય રૂપ અમૃતરસે કરી સમકિતરૂપ ધર્મવૃક્ષના મૂળને સિંચે છે. ૧૯

હવે સમકિતની ત્રણ શુદ્ધિ કહે છે : શુદ્ધિ એટલે સમકિતને નિર્મલ કરે તેને શુદ્ધિ કહીએ. પ્રથમ મનશુદ્ધિ એટલે શ્રી વીતરાગ એટલે જિનેશ્વર ભગવાન અને વીતરાગપ્રણીતતત્ત્વ તે જ સત્ય છે, તે વિના બીજું બધું જૂઠું છે એટલે અસાર છે એવી બુદ્ધિ તે મનશુદ્ધિ કહીએ. હે ચતુર પુરુષો ! તે વાત મનમાં ધારો. ૨૦

દેવ દાનવોએ વંદિત એવા શ્રી જિન વીતરાગદેવ તેમની ભક્તિ કરવાથી જે કાર્યની સિદ્ધિ ન થઈ તે બીજા અન્ય દેવથી કેમ થશે ? એવા ઉદ્ગાર જે મુખથી નીકળે તેની સમકિતની બીજી વચનશુદ્ધિ કહેવાય. ૨૧

મૂળ :

*છેદ્યો ભેદ્યો વેદના રે,*
*જે સહેતો અનેક પ્રકાર રે;*
*જિન વિણ પર સુર નવિ નમે રે,*
*તેહની કાયા શુદ્ધિ ઉદાર રે. ચતુર... ૨૨*

ઢાળ પાંચમી - પાંચ દૂષણ
(કડવાં ફળ છે ક્રોધનાં - એ દેશી)

*સમકિત દૂષણ પરિહરો,*
*જેહમાં પહેલી છે શંકા રે;*
*તે જિનવચનમાં મત કરો,*
*જેહને સમ નૃપ રંકા રે. સમ... ૨૩*

## ગાથાર્થ :

શરીરને અનેક પ્રકારે છેદે, અનેક પ્રકારે વિદારે—બે ખંડ કરે તથા શરીરને અનેક પ્રકારની વેદના કરે તે બધું સહે પરંતુ સમકિતી જીવ શ્રીજિન, તીર્થંકરપરમાત્મા વિના બીજા હરિહરાદિ દેવને મસ્તક ન નમાવે અને તીર્થંકર દેવને જ ધર્મબુદ્ધિએ નમસ્કાર કરે તેની સમકિતની ત્રીજી કાયશુદ્ધિ કહેવાય. તે કેવી છે ? ઉદાર એટલે મોટી છે. ૨૨

હવે સમકિતનાં પાંચ દૂષણ કહે છે : સમકિત જે શ્રદ્ધા તેને દુષ્યતિ કે૦ દુહવે અથવા અતિચાર લગાડે તે દૂષણ કહીએ; એટલે સમકિતનાં જે દૂષણ શંકા કંખાદિ પાંચ છે તેને પરિહરો કહે. છાંડો. તે પાંચ દૂષણનાં નામ તથા વિવેચન લખે છે.

પહેલું શંકા નામે દૂષણ છે. શંકા (એટલે સંદેહ) શ્રી જિનેશ્વર ભગવાન કે જેમને રાજા અને રંક બંને સરખા જ છે તેવા ભગવાનના કહેલાં વચન એટલે સૂત્ર સિદ્ધાંતમાં શંકા રાખવી નહિ. ૨૩

મૂળ :

કંખા કુમતની વાંછના,
બીજું દૂષણ તજીએ;
પામી સુરતરુ પરગડો,
કિમ બાઉલ ભજીએ ? સમ... ૨૪

સંશય ધર્મનાં ફલતણો,
વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો,
નિજ શુભ પરિણામે. સમ... ૨૫

મિથ્યામતિ ગુણ વર્ણનો,
ટાળો ચોથો દોષ;
ઉન્મારગી થુણતાં હુવે,
ઉન્મારગ પોષ. સમ... ૨૬

ગાથાર્થ :

બીજું દુષણ કંખા-કાંક્ષા કે૦ કુમતની વાંછા એટલે ઈચ્છા છોડવી જોઈએ. કેમ કે પ્રગટપણે શ્રી જિનધર્મરૂપી (મનોવાંછિત ફળના આપનાર એટલે સ્વર્ગ અને મોક્ષનાં સુખને આપનાર એવા) કલ્પવૃક્ષને મૂકીને મિથ્યાત્વરૂપ બાવળ જે બહુ કંટકસંહિત કશાય ફળનો આપનાર છે તેને કેમ ભજીએ ? અર્થાત્ તેને ન સેવીએ. ૨૪

ત્રીજું વિતિગિચ્છા દૂષણ એટલે ધર્મનાં ફળનો સંદેહ રાખે એટલે શ્રીજિનધર્મ સેવવાથી અવ્યાબાધ મોક્ષસુખ પામે તેમાં વહેમ લાવે કે ધર્મ સેવવાથી કોઈ વખત મોક્ષસુખ પામીશું કે નહિ ? તે વિતિગિચ્છા દૂષણ પોતાના શુભ પરિણામ વડે ત્યાગ કરો જેથી સુખ પામો. ૨૫

ચોથું દૂષણ મિથ્યામતિ ગુણવર્ણના-મિથ્યાદષ્ટિ જીવના ગુણની સ્તવના કરવી તે દૂષણને છાંડો. હવે મિથ્યામતિના મુખનું વર્ણન કરતાં શો દોષ ઉત્પન્ન થાય તે કહે છે. જૈનમાર્ગ વિના બીજા ઉન્માર્ગ જે સૌગત (બૌધ) ૧, સાંખ્ય ૨, જૈમિનીય ૩, વૈશેષિક ૪, નૈયાયિક ૫, ચાર્વાક ૬, તે અન્યમતિ તથા સ્વપક્ષે નિન્હવ એટલે ભગવાનનાં વચનનાં ઉત્થાપક વગેરે ઉન્માર્ગીની પ્રશંસા કરતાં મિથ્યાત્વની પુષ્ટિ થાય. ૨૬

મૂળ :

પાંચમો દોષ મિથ્યામતિ, —પરિચય નવિ કીજે;
ઈમ શુભમતિ અરવિંદની, ભલી વાસના લીજે. સમ... ૨૭

ઢાળ છઠ્ઠી - આઠ પ્રભાવક

(અભિનંદન જિન દરિસણ તરસીએ - એ દેશી)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યાં, પાવયણિ ધુરિ જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ.
ધન ધન શાસન મંડન મુનિવરા... ૨૮

ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ધન... ૨૯

## ગાથાર્થ :

હવે પાંચમું દૂષણ મિથ્યામતિપરિચય એટલે મિથ્યાદૃષ્ટિ જીવની સંગતિ ન કરવી, જેથી શુભમતિ અરવિંદ એટલે સમકિતરૂપ કમળની સુંદર સુવાસ લઈએ. એ રીતે ઉપર લખેલાં સમકિતનાં પાંચ દૂષણ ટાળવાં. ૨૭

હવે પ્રવચનના આઠ પ્રભાવક કહે છે. પ્રભાવક એટલે શ્રી જૈનશાસનને દીપાવે કે૦ જૈનશાસનની શોભા વધારે તે. પ્રવચન એટલે જૈનશાસ્ત્ર અથવા સિદ્ધાંત. તેનો મહિમા વધારે તેને પ્રવચનપ્રભાવક કહીએ. તે આઠ પ્રભાવકને વિષે ''પ્રાવચનિક'' નામે પહેલો પ્રભાવક છે. જે આગમરૂપ વર્તમાનશ્રુત સિદ્ધાંત તેના અર્થનો પાર પામે તે પહેલો પ્રભાવક જાણવો. તે કેવો છે ? ગુણખાણ કે૦ ગુણનો ભંડાર છે. યતઃ

સવ્વ ઉદહીણ ઉદયં, સવ્વ નકણં જઈ હુજ્જ વાલૂઆ;
તત્તો અણંતગુણિઓ, અત્થો ઈક્કસ્સ સુત્તસ્સ.

અર્થ-સર્વ મહાસાગરનું પાણી જેટલું થાય અને સર્વ નદીઓની જેટલી રેતી થાય તેથી એક સૂત્રનો અર્થ અનંત ગણો છે. ધન્ય હો ! ધન્ય હો ! એવા શ્રી જિનશાસનને શોભાવનાર ભૂષણસમાન મુનિવરોને. ૨૮

બીજો પ્રભાવક ''ધર્મકથી'' નામે જાણવો. તે નંદીષેણજીની પેઠે પોતાના ઉપદેશ વડે લોકોને રીઝવીને પ્રતિબોધે અને હૃદયના મિથ્યાત્વરૂપ સંદેહને દૂર કરે. ૨૯.

મૂળ :

વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો,
મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે જયકમલા વરે,
ગાજંતો જિમ મેહ રે. ધન... ૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે,
પરમત જીપણ કાજ;
તેહ નૈમિત્તિરે ચોથો જાણીએ,
શ્રી જિનશાસન રાજ રે. ધન...૩૧

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને,
ગોપે નવિ જિન આણ રે;
આસ્રવ લોપે રે નવિ કોપે કદા,
પંચમ તપસી તે જાણ રે. ધન...૩૨

### ગાથાર્થ :

ત્રીજો "વાદી" નામે પ્રભાવક છે, તે તર્કશાસ્ત્ર એટલે ન્યાયશાસ્ત્ર ઉપચારથી કાવ્ય, છંદ, અલંકારાદિ સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરી, પંડિત થઈ, પરદર્શનીને સ્યાદ્વાદમતે જીતે; જેમ મલ્લવાદી રાજસભામાં મેઘના ગર્જારવ જેવા શબ્દના ઉચ્ચાર કરી પરવાદીને જીતી વિજયલક્ષ્મીને પામ્યા, તે ત્રીજા પ્રભાવક જાણવા. ૩૦

શ્રીજિનશાસનને વિશે ચોથો પ્રભાવક "નૈમિત્તિક" (જોશી) છે તે પૂજ્ય શ્રીભદ્રબાહુની પેઠે પરમત જે બૌધાદિકને જીતવાને માટે જ નિમિત્ત પ્રકાશે (ભવિષ્ય કહે) જેથી જૈનશાસનની ઉન્નતિ થાય. ૩૧

પાંચમો "તપસ્વી" નામે પ્રભાવક જાણવો. તે અનશનાદિક છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તાદિક છ પ્રકારના અભ્યંતર તપ વડે કરી ચારિત્રગુણને દીપાવે અને પોતાના તપ વડે સાધુ ધર્મને રોપે એટલે વૃદ્ધિ કરે તથા જિનેશ્વર ભગવાનની આજ્ઞાને ઓળવે નહિ એટલે જિનાજ્ઞાનુસારે વર્તે, આવતાં પાપને રોકે અને કદાપિ કોપ કરે નહિ એટલે અવંચકપણે સમતામયી તપ કરે. ૩૨

મૂળ :

છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી,
જિમ શ્રી વયર મુણિંદ;
સિદ્ધ સાતમો રે અંજનયોગથી,
જિમ કાલિક મુનિચંદ રે.ધનણિ. ૩૩...

કાવ્ય સુધારસ મધુર અર્થભર્યાં, ધર્મહેતુ કરે જેહ.
સિદ્ધસેન પર રાજા રીઝવે, અષ્ટમ વર કવિ તેહ રે. ધન...૩૪

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વક અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન...૩૫

ગાથાર્થ :

છઠ્ઠો પ્રભાવક "મંત્રવિદ્યાવંત" એટલે મંત્ર અને વિદ્યા વડે કરીને શ્રી જૈનશાસનની ઉન્નતિ કરે તે. જેમ શ્રીવયરસ્વામીએ મંત્રવિદ્યા વડે, જૈનશાસનની ઉન્નતિને અર્થે, બૌધ લોકોના દેશમાં બૌધ રાજાએ જિનમંદિરમાં ફૂલ આપવાં બંધ કર્યા હતાં, તે વખતે ત્યાંના જૈન સંઘની પ્રાર્થનાથી દેવોએ અર્પિત કરેલાં કમળનાં ફૂલ અને બીજાં ગુલાબ વગેરે પંચવર્ણી ફૂલો લઈ, વિમાનમાં બેસી, બૌધ દેશમાં જઈ સંઘને આપ્યાં. તે પ્રભાવ જોઈ બૌધ રાજા જૈની થયો. દુર્ભિક્ષના વખતે શ્રીસંઘને બૌધ દેશમાં આકાશ માર્ગે લઈ જઈ જીવાડ્યો. એવી રીતે અંજનયોગથી શાસનનો જય કરવાવાળા "સિદ્ધિસંપન્ન" નામે સાતમા પ્રભાવક શ્રી કાલિકાચાર્યનો વૃત્તાંત શાસ્ત્રથી જાણવો. ૩૩

આઠમો પ્રભાવક 'કવિ' તે અમૃતના રસ જેવા મીઠા અર્થથી ભરેલાં કાવ્ય, હઠવાદ-મમત્વભાવ રહિત ધર્મહિતુએ કરે અને તેથી સિદ્ધસેનની પેઠે રાજાને પ્રતિબોધ કરે તે ઉત્તમ 'કવિરાજ' નામે આઠમી પ્રભાવક જાણવો. ૩૪.

જ્યારે ઉપર કહ્યા એવા પ્રભાવક ન થાય ત્યારે વિધિપૂર્વક યાત્રા પૂજાદિક અનેક કરણી કરે તે પણ પ્રભાવક જાણવા. ૩૫

*મૂળ :*

## ઢાળ સાતમી - પાંચ ભૂષણ

(સતીય સુભદ્રાની - દેશી)

*સોહે સમકિત જેહથી સખી, જિમ આભરણે દેહ;*
*ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મન વસ્યાં તેહમાં નહિ સંદેહ.*
*મુજ સમકિત રંગ, અચલ હોજો રે.... ૩૬*

*પહેલું કુશલપણું તિહાં સખી, વંદન ને પચ્ચખાણ,*
*કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી અતિ ઘણો આચરે તેહ સુજાણ.*
*મુજ સમકિત...૩૭*

*બીજું તીરથસેવના સખી, તીરથ તારે જેહ;*
*જે ગીતારથ મુનિવરા સખી, તેહશું કીજે નેહ. મુજ સમકિત...૩૮*

## ગાથાર્થ :

હવે સમકિતનાં પાંચ ભૂષણ કહે છે. જેમ ઘરેણાં વડે શરીર શોભે છે તેમ જે વડે સુમકિત શોભે તેને સમકિતનાં ભૂષણ કહે છે; તે પાંચ છે; તે મારા મનમાં વસ્યાં છે; એમાં કોઈ પણ સંદેહ નથી. મને કે મારા સમકિતનો રંગ અચળ રહેજો. ૩૬

પહેલું ભૂષણ 'કુશલપણું' એટલે વિધિ અને વ્યવહારને વિશે ડહાપણ અથવા ચતુરપણું. તે શેમાં હોય ? વંદન, પચ્ચક્ખાણ વગેરેમાં. જે દેવવંદન ૨૦૭૪ બોલે કરે, ગુરુવંદન ૪૯૨ બોલે કરે, ૧૦ પ્રકારે પચ્ચક્ખાણ કરે અને સાધુ શ્રાવકની કરણી સૂત્ર અનુસારે અતિ ઘણી આચરે તે સર્વ વાતે કુશળ જાણવો. ૩૭

બીજું ભૂષણ 'તીર્થસેવના' નામે છે. અનાદિ અનંત ચતુર્ગતિમાં ભ્રમણરૂપ સંસારસમુદ્રથી જે તારે તે તીર્થ કહીએ. તે તીર્થ બે પ્રકારનાં છે : સ્થાવર અને જંગમ. સ્થાવર તીર્થ શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સમેતશિખર વગેરે છે અને જંગમતીર્થ તે ગીતારથ એટલે સૂત્ર અર્થના જાણ, ગુણવંત મુનિમહારાજા છે. તે બંનેને વિશે અતિ ઘણો પ્રશસ્ત રાગ રાખે અને સેવા કરે, જેથી બોધિબીજ પામે અને અંતે કર્મ ખપાવી મોક્ષે જાય. ૩૮

મૂળ :

ભગતિ કરે ગુરુદેવની, સખી ત્રીજું ભૂષણ હોય,
કિણહિ ચલાવ્યો નવિ ચલે, સખી ચોથું એ ભૂષણ જોય. મુજ સમકિત... ૩૯

જિનશાસન અનુમોદના સખી જેહથી બહુજન હુંત;
કીજે તેહ પ્રભાવના સખી, પાંચમું ભૂષણ ખંત. મુજ સમકિત..૪૦

## ગાથાર્થ :

ત્રીજું ભૂષણ ગુરુદેવની ભક્તિ કરવી તે. ગુરુને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર દૂષણરહિત વહોરાવે, કેમ કે તે તેમના સંયમ સાધનના હેતુ છે. તથા ગુરુને વંદન કરવું, ગુરુ આવે તો ઊભા થઈ સામા જવું વગેરે ભક્તિ બહુમાનપૂર્વક કરવી તે ગુરુભક્તિ. દેવભક્તિ એટલે દેવપૂજા તે પાંચ પ્રકારે, આઠ પ્રકારે, યાવત્ એકસો આઠ પ્રકારે બહુ ભક્તિભાવ સહિત કરે એ 'ગુરુદેવની ભક્તિ' નામે ત્રીજું ભૂષણ છે.

ચોથું ભૂષણ સમકિતધર્મ થકી કોઈનો ચલાવ્યો ચાલે નહિ તે સમકિતની 'દઢતારૂપ' ચોથું ભૂષણ જાણવું. ૩૯

પાંચમું ભૂષણ જિનશાસનની અનુમોદના કરવી એટલે ઘણા માણસો જિનશાસનની અનુમોદના કરે એવી પ્રભાવના ખંત રાખીને કરવી, જેથી ઘણા લોકો જિનશાસનની પ્રશંસા કરે કે ધન્ય છે શ્રી જૈનધર્મને, ધન્ય છે શ્રી જૈનશાસનને કે જેમાં આવાં સારાં કામો કરી આવી પ્રભાવનાઓ કરે છે. એવી રીતે ઘણા લોકો પ્રશંસા કરે તેથી તેમના આત્માને પણ હિત થાય અને બોધિબીજની પ્રાપ્તિ થાય. આવી પ્રભાવના કરવાથી ચતુર્ગતિરૂપ ભવભ્રમણતા મટે. ૪૦

*મૂળ :*

## ઢાળ આઠમી - પાંચ લક્ષણ

(ધર્મ જિનેશ્વર ગાઉં રંગશુ - એ દેશી)

*લક્ષણ પાંચ કહ્યા સમકિત તણાં, ધુર ઉપશમ અનુકૂલ સુગુણ નર;*
*અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકૂલ;*
*સુગુણ નર. શ્રી જિનભાષિત વચન વિચારીએ. ૪૧*

*સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક, સુગુણ..*
*બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક. સુગુણ.... ૪૨*

ગાથાર્થ :

હવે સમકિતનાં પાંચ લક્ષણ કહે છે : 'લક્ષ્યતે અનેકન ઈતિ લક્ષણં' જે વડે (સમકિત) ગુણ ઓળખાય છે તેને લક્ષણ કહીએ. શ્રી જિનેશ્વર ભગવાને સિદ્ધાંતને વિશે સમકિતનાં પાંચ લક્ષણ કહ્યાં છે. તેમાં ધુર એટલે પહેલું ''ઉપશમ'' કે ક્રોધના ત્યાગરૂપ હિતકારી લક્ષણ છે. જેથી અપરાધ કરનાર પુરુષ ઉપર પણ મનથી તેનું માઠું થાઓ એવું વિચારીએ નહિ, પણ સમતા રાખી જેમ તેનું હિત થાય તેમ અથવા મધ્યસ્થભાવે વર્તીએ. હે સુગુણ પુરુષો ! આ ઉપર બતાવ્યા મુજબ શ્રી જિનેશ્વર ભગવાનનાં વચન વિચારીએ અને શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીએ. ૪૧.

બીજું ''સંવેગ'' નામે લક્ષણ છે. જેથી દેવનું અને મનુષ્યનું સુખ તે દુઃખરૂપ જાણે; કેમ કે તે સુખ પૌદ્‌ગલિક છે તેથી અસાર ને ક્ષણભંગુર છે. પણ મોક્ષનું સુખ તો અવ્યાબાધ, અક્ષય, અવિનાશી અને અનંત છે; તેને જ એકાગ્ર મને ઈચ્છે તે બીજું લક્ષણ ઉત્તમ સંવેગ કહેતાં મોક્ષનો અભિલાષ એટલે તે સુખ મેળવવાની એકાગ્ર વાંચ્છા રાખે તે જાણવું. ૪૨

મૂળ :

નારક ચારક સમભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ.
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ. સુગુણ... ૪૩

દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ્ય સુગુણ...
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ્ય. સુગુણ... ૪૪

ગાથાર્થ :

ત્રીજું 'નિર્વેદ' નામે લક્ષણ કહે છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને મોહાદિ વિભાવજનિત જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગ, બંધન, છેદન, ભેદન, તાડન, તર્જનાદિ દુઃખે કરી ગહન સંસારદુઃખથી, નરકરૂપ બંદિખાનાની પેઠે ત્રાસ પામીને અને ધર્મ તેમાંથી તારનાર છે એમ જાણીને તે (ધર્મ) વડે ભવભ્રમણથી છૂટવાને ઇચ્છે તે ત્રીજા નિર્વેદ નામે લક્ષણનો મર્મ જાણવો. ૪૩

ચોથું લક્ષણ 'અનુકંપા' નામે છે. તે અનુકંપા કે૦ દયા તે બે પ્રકારની છે. ૧ દ્રવ્યથી, ૨ ભાવથી. ૧ દ્રવ્યથી અનુકંપા તે દુઃખી, દીન, હીન, રોગી અને શોકવાન જે પ્રાણી તેનાં દુઃખ દૂર કરવાં તે. આ ધર્મરહિત પ્રાણી, ધર્મ નહિ સાધવાથી બીજી ગતિમાં દુઃખી થશે તથા નરકાદિકનાં દુઃખ પામશે; જો ધર્મ કરે તો સુખી થાય એવી રીતે ચિંતવે તથા ધર્મથી પતિત પ્રાણીને ધર્મ વિશે સ્થિર કરે તે ભાવ દયા. એ રીતે યથાશક્તિએ બંને પ્રકારની અનુકંપા કરવામાં ઉદ્યમ કરે એ ચોથું અનુકંપાનામે લક્ષણ જાણવું. ૪૪

*મૂળ :*

*જે જિનભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ; સુગુણ...*
*તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ. સુગુણ... ૪૫*

## ઢાળ નવમી - છ જયણા

(ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી - એ દેશી)

*પરતીરથી પરના સુર, તેણે ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ;*
*વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેદ રે,*
*ભવિકા સમકિત યતના કીજે. ૪૬*

*વંદન તે કરયોજન કહિએ, નમન તે શીષ નમાવે;*
*દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાવે રે. ભવિકા... ૪૭*

*ગાથાર્થ :*

પાંચમું આસ્તિક્તા નામે લક્ષણ છે. વીતરાગદેવે જે વચન ભાખ્યું છે તે જૂઠું નથી પણ સત્ય છે એમાં કંઈ સંદેહ નથી. પણ -

અર્થ : જિનેશ્વર ભગવાને ભાખેલાં સર્વ વચન અન્યથા [ખોટાં] ન હોય, સત્ય જ હોય એવી બુદ્ધિ જેના મનને વિશે છે તેનું નિશ્ચલ સમકિત જાણવું. આવી દૃઢ આસ્થા જેને છે તે આસ્તિક્તા નામે પાંચમું લક્ષણ કુમતિ કે૦ માઠી મતિનો નાશ કરે. ૪૫

હવે છ જયણાનું સ્વરૂપ કહે છે. પરતીર્થી કે૦ અન્ય લિંગી જે પારિવ્રાજક તાપસ, બ્રાહ્મણ વગેરેને ગુરુબુદ્ધિએ ન માનવા તથા બીજાના દેવ જે હરિહરાદિક, તેમને દેવબુદ્ધિએ ન માનવા તથા તેમણે જિનપ્રતિમા ગ્રહણ કરી હોય, નામ ફેરવ્યાં હોય ત્યાં વંદન નમસ્કાર ન કરવો, તે સમકિતની યતના કહેવાય છે; તેના છ ભેદ છે. ૪૬

પહેલી જયણા વંદન નામની છે. વંદન એટલે બે હાથ જોડી નમવું. બીજી જયણા નમન એટલે મસ્તક નમાવવું તે. ત્રીજી જયણા ઉપર કહેલા પરતીર્થી અને પરના દેવને ઈષ્ટ દાન આપે અને મોટી ભક્તિ બતાવે તે. હે ભવ્ય પ્રાણીઓ ! એ રીતે સમકિતની યતના કરવી અર્થાત્ કુદેવ કુગુરુને વંદન નમનાદિક ન કરવું. ૪૭

મૂળ :

અનુપ્રદાન તે તેહને કહીયે, વારંવાર જે દાન;
દોષ કુપાત્રે પાત્રમતિ એ, નહિ અનુકંપા માન રે. ભવિકા... ૪૮

અણ બોલાવે જે બોલવું, તે કહિયે આલાપ;
વારંવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે. ભવિકા... ૪૯

એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર;
એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે. ભવિકા... ૫૦

ગાથાર્થ :

ચોથી જયણા અનુપ્રદાન તે (તાપસાદિકને) વારંવાર દાન આપવું. એમાં કુપાત્રને વિશે પાત્રની બુદ્ધિએ આપવું એ દોષ છે; વળી તેમાં અનુકંપા પણ માનવી નહિ કારણ કે અનુકંપા તો દીનદુ:ખીને વિશે હોય. ૪૮

પાંચમી જયણા આલાપ નામે છે. આલાપ તે વગર બોલાવે બોલવું અને સંલાપ તે વગર બોલાવ્યે વારંવાર આલાપ કરવો તે છઠ્ઠી જયણા છે; અર્થાત્ કુદર્શની સાથે ખાસ પ્રયોજન વિના વગર બોલાવ્યે આલાપ સંલાપ પણ ન કરવો, મિથ્યા વાદવિવાદમાં ઉતરવું નહિ, મધ્યસ્થભાવે વર્તવું. ૪૯

વંદન ૧, નમન ૨, ગૌરવભક્તિ ૩, અનુપ્રદાન ૪, આલાપ ૫ અને સંલાપ ૬ સંબંધી પૂર્વોક્ત છ જયણાથી સમકિત ગુણ તથા વળી શુભ વ્યવહાર દીપે છે. તેમાં પણ દેવગુરુ આદિકની ભક્તિ, શાસનની પ્રભાવના, જ્ઞાનનો લાભ ઈત્યાદિ કારણથી તેને વિશે પણ જયણા છે તેના અનેક પ્રકાર છે; તેથી શ્રદ્ધાળુ એવા બુદ્ધિમાનોએ લાભાંલાભનો વિચાર કરી વર્તવું. ૫૦

## મૂળ :

### ઢાળ દશમી - છ આગાર

(લલનાની - દેશી)

*શુદ્ધ ધર્મથી નવિ ચળે, અતિ દૃઢ ગુણ આધાર લલના;*
*તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર. લલના...૫૧*

*બોલ્યું તેહવું પાળીએ, દંતીદંત સમ બોલ. લલના;*
*સજ્જન ને દુર્જનતણા, કચ્છપ કોટિને તોલ લલના....૫૨*

## ગાથાર્થ :

હવે સમકિતના છ આગાર કહે છે. જે દૃઢ સમકિતધારી છે તે (આણંદ કામદેવ જેવા શ્રાવક) શુદ્ધ પવિત્ર નિર્મલ દૂષણરહિત એવા ધર્મથી ચલે નહિ, મેરુ પર્વતની પેઠે અડગપણે રહે. તેમને આ નીચે બતાવેલા છ આગાર રાખવાની જરૂર પડતી નથી; પણ સંપ્રતિકાળે સંઘયણના શિથિલપણાથી જે ઉપર કહ્યા એવા ન હોય તેમને આ છ આગાર રાખવા કહ્યા છે. તદ્યથા રાયાભિ- ઓગેણં ૧, ગણાભિઓગેણં ૨, બલાભિઓગેણં ૩, દેવાભિઓગેણં ૪, મહત્તરગુરુનિગ્ગહેણં ૫, વિત્તિકંતારેણં ૬, એ છ આગાર કહ્યા છે. જેવું મુખે બોલીએ તેવું પાળીએ. સજ્જન પુરુષનો બોલ હાથીના દંતશૂળ જેવો છે, જે બહાર નીકળ્યા તે કદી અંદર પેસતા નથી, તેમ સજ્જન પુરૂષનો બોલ મુખમાંથી નીકળ્યો તે કદી ફરતો નથી, અર્થાત્ પોતે બોલે છે તેવું જ પાળે છે. અને દુર્જન માણસનો બોલ કાચબાની ડોક જેવો છે, જે ઘડી વારમાં બહાર નીકળે છે અને અંદર પેસી જાય છે. ૫૧-૫૨

મૂળ :

રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના....૫૩

મેળો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ; લલના....
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરુઠાણ. લલના....૫૪

ગાથાર્થ :

પ્રથમ 'રાયાભિયોગ' નામે આગાર છે. નગરાદિકનો જે સ્વામી તે રાજા કહેવાય. તેની આજ્ઞાથી તે કહે તેમ કરવું પડે, તેમાં કાર્તિક શેઠની પેઠે વર્તતાં મિથ્યાત્વ લાગતું નથી. તે કાર્તિક શેઠનો સંબંધ કહે છે :-પૃથ્વીપુરભૂષણ નગરને વિશે પ્રજાપાળ નામે રાજા રાજ્ય કરે છે ત્યાં માસોપવાસી ગૈરિક નામે તાપસ આવ્યા. તેને રાજાની આજ્ઞાનુસારે શેઠે જમાડ્યો. વિશેષ કથા કલ્પસૂત્રથી જાણી લેવી. ૫૩

બીજો 'ગણાભિયોગ'નામે આગાર છે. ગણ એટલે માણસોનો સમુદાય તેની જબરાઈથી જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ. ત્રીજો 'બલાભિયોગ' નામે આગાર કહે છે - બળ એટલે સૈન્ય. પોતાના રાજાનું સૈન્ય તે સ્વચક્ર અને બીજા કોઈ રાજાનું સૈન્ય તે પરચક્ર; તેમના જોરથી તથા ચોર વગેરેના જુલમથી જે કાંઈ કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ. ચોથો 'દેવાભિયોગ' આગાર કહે છે - ક્ષેત્રપાલ દેવ, ગોગો, આસપાલ, વિનાયક, ગ્રહદેવતા વગેરેના જુલમથી જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

પાંચમો 'ગુરુનિગ્રહ' આગાર કહે છે. ગુરુ એટલે માતાપિતા વગેરે વડેરા તે ગુરુસ્થાનકે કહેવાય. તેમના કહેવાથી કરવું પડે અથવા તેમનો પરાજય થયે તેમને છોડાવવા જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ. ૫૪

*મૂળ :*

*વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર; લલના....*
*તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર. લલના....૫૫*

**ઢાળ અગ્યારમી - છ ભાવના (મલ્હાર રાગ)**

(પાંચ પોથી રે ઠવણી પાઠાં વિટાંગણાં - એ દેશી)

*ભાવિજે રે ! સમકિત જેહથી રુઅડું,*
*તે ભાવના રે, ભાવો કરી મન પરવડું,*
*જો સમકિત રે, તાજું સાજું મૂળ રે !*
*તો વ્રત-તરુ રે, દીએ શિવફળ અનુકૂળ રે !..... ૫૬*

: હરિગીત છંદ :

*અનુકૂળ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ એ;*
*જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જુઠો ધંધ એ;*
*એ પ્રથમ ભાવના ગુણે રુડી, સુણો બીજી ભાવના;*
*બારણું સમકિત ધર્મપુરનું, એહવી એ પાવના. ૫૭*

ગાથાર્થ :

છઠ્ઠો 'ભીષણકાન્તારવૃત્તિ'નો આગાર કહે છે. ભયંકર વનને વિષે જઈ પડવાથી તથા મરકી વગેરે ભયંકર રોગચાળો થવાથી તથા દુકાળ વગેરે પડવાથી આજીવિકા દુર્લભ થઈ પડે, તે વખતે અન્ય રીતે આચાર કરતાં મિથ્યાત્વ લાગે નહિ. ઉપર દર્શાવેલા છ આગારને વિશે મૂળ નિયમથી વિપરીતપણે આચરણ કરતાં સમકિતને દુષણ ન લાગે. ૫૫

હવે સમકિતની ષડ્‌વિધ ભાવના કહે છે. જેથી ઉત્તમ સમકિત ભાવીએ તેને ભાવના કહે છે. તે ભાવના મન નિર્મલ કરીને ભાવો. જો સમકિતરૂપ મૂળ તાજું એટલે નવું અને અખંડિત હોય તો વ્રતરૂપી વૃક્ષ અનુકૂળપણે મોક્ષરૂપી ફળ આપે. ૫૬

શ્રેષ્ઠ અને રસવાળાં એવા સમકિતરૂપ મૂળ વિના જે મૂર્ખ પ્રાણી ગર્વથી ભરેલા થઈ ક્રિયા કરે છે તેમનો ઉદ્યમ નિષ્ફળ અર્થાત્ મોક્ષપ્રાપ્તિને અર્થે થતો નથી. એ પ્રથમ ભાવના સર્વ પ્રકારે હિતકારી છે.

હવે બીજી ભાવના કહે છે તે સાંભળો. સમકિત તે ધર્મરૂપ નગરનો દરવાજો છે એટલે જેમ દરવાજામાં પેસીએ તો નગરમાં જવાય તેમ સમકિતની પ્રાપ્તિથી ધર્મપુરીમાં જવાય અર્થાત્ સમકિતથી જ સત્ય ધર્મની પ્રાપ્તિ થાય. ૫૭

મૂળ :

ઢાળ-

(મલ્હાર રાગ)

*ત્રીજી ભાવના રે, સમકિત પીઠ જો દૃઢ ગ્રહી,*
*તો મોટો રે, ધર્મ પ્રાસાદ ડગે નહીં;*
*પાયે ખોટે રે, મોટો મંડાણ ન શોભિયે,*
*તેણે કારણે રે, સમકિત શું ચિત્ત થોભિયે. ૫૮*

: હરિગીત છંદ :

*થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,*
*સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ;*
*તે વિના છૂટા રત્ન સરીખા, મૂલ-ઉત્તર ગુણ સવે,*
*કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે. ૫૯*

ઢાળ-

(મલ્હાર રાગ)

*ભાવો પંચમી રે ! ભાવના શમદમ સાર રે,*
*પૃથ્વી પરે રે, સમકિત તસ આધાર રે;*
*છટ્ઠી ભાવના રે, સમકિત ભાજન જો મળે,*
*શ્રુત શીલનો રે, તો રસ તેહમાંથી નવિ ઢળે. ૬૦*

ગાથાર્થ :

હવે ત્રીજી ભાવના કહે છે. એ સમકિત પીઠ સમાન છે. જો સમકિત રૂપ પીઠ એટલે પાયો દૃઢ હોય તો ધર્મરૂપ મહેલ ડગે નહિ. કહ્યું છે કે ખોટે પાયે મોટું મંડાણ શોભતું નથી તે માટે સમકિતમાં નિશ્ચલ રહેવું જોઈએ. ૫૮

એ રીતે ત્રીજી ભાવના ભાવી ચિત્તને સ્થિર રાખી ચોથી ભાવના ભાવવી; તેમાં મનમાં એવું વિચારવું કે સર્વ મૂળ તથા ઉત્તર ગુણનો ભંડાર સમકિત છે. એ સમકિત રૂપ ભંડાર ન હોય તો સર્વે મૂળ અને ઉત્તર ગુણ છૂટાં રત્નની પેઠે શી રીતે રહી શકે ? કેમ કે તેને ચોરી લેવાને માટે રાગદ્વેષાદિ ચોરો ભવોભવ તાકી રહેલા હોય છે. ૫૯

હવે પાંચમી ઉત્તમ એવી શમ દમ નામે ભાવના ભાવો. સર્વ વસ્તુને સહન કરનાર અને સર્વને આધારભૂત પૃથ્વીની પેઠે સમકિત એ તેને આધારભૂત છે.

છઠ્ઠી ભાવના સમકિતરૂપ ભાજન એટલે વાસણ જો મળે તો શ્રુત-સિદ્ધાંત તથા શીલનો રસ તેમાંથી ઢળી જાય નહિ, એટલે આગમની શૈલી તથા શીલને સમકિત ધારણ કરી શકે છે. ૬૦

*મૂળ :*

: હરિગીત છંદ :

*નવિ ઢળે સમકિતભાવનો રસ અમિય સમ સંવર તણો,*
*ષટ્ ભાવના એ કહી, એહમાં કરો આદર અતિ ઘણો;*
*ઈમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,*
*ધન પવન પુણ્ય પ્રમાણ, પ્રગટે ચિદાનંદ કલ્લોલ એ. ૬૧*

## ઢાળ-બારમી - છ સ્થાન

(મંગલ આઠ કરી જસ આગળ - એ દેશી)

*ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટ્વિધ કહિયે રે,*
*તિહાં પહેલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયે રે;*
*ખીરનીરપરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અળગો રે,*
*અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે. ૬૨*

ગાથાર્થ :

સમકિતભાવનો અને સંવરનો અમૃત સમાન રસ ઢળે નહિ. એ ઉપર દર્શાવેલી છ ભાવનાઓ કહી; એમાં અતિશય આદર કરવો જોઈએ એટલે તે ભાવનાઓ ઘણી વાર ભાવવી જોઈએ. એ છ ભાવનાઓનાં ટૂંકા નામ નીચે મુજબ :

સમકિત મૂલ ભાવના ૧, સમકિત દ્વાર ભાવના ૨, સમકિતપીઠ ભાવના ૩, સમકિત નિધાન ભાવના ૪, સમકિત આધાર ભાવના ૫ અને સમકિત ભાજન ભાવના ૬ એમ છ ભાવના ભાવતાં ઉત્કૃષ્ટ અર્થ રૂપી સમુદ્ર હમેશાં ઉલ્લસિત રહે. જેમ પવનથી મેઘ વિલય થાય અને સમુદ્રના કલ્લોલ ઉત્પન્ન થાય તેમ પ્રબલ પુણ્યરૂપી પવનથી, અનુકૂળ સામગ્રીના યોગે, કર્મબંધ વિલય પામે અને ચિદાનંદ જે આત્મજ્ઞાન તેના કલ્લોલ એટલે તરંગ ઉત્પન્ન થાય. ૬૧

સમકિતનાં છ સ્થાનક કહે છે - જે ઠેકાણે સમકિત ઠરે એટલે સ્થિર રહે તેને સ્થાનક કહીએ, તેના છ પ્રકાર છે. તેમાં પહેલું ચેતન સ્થાનક છે તે આત્માનું લક્ષણ છે, એટલે આત્મા ચેતના લક્ષણવંત છે. આત્મા પુદ્‌ગલની સાથે દૂધ અને તેમાં નાંખેલા પાણીની પેઠે મિશ્રિત થયો છે, તેમ છતાં પણ તે એથી જુદો છે. તો અનુભવરૂપી હંસની ચાંચ લાગે તો તે આત્મારૂપી દૂધ પુદ્‌ગલરૂપી પાણીની સાથે વળગી ન રહે; અર્થાત્ જેમ હંસ દૂધ પીને તેમાં રહેલું પાણી જૂદું કરે છે તેમ અનુભવજ્ઞાનથી આત્મા પુદ્‌ગલથી જુદો થઈ શકે છે. ૬૨.

મૂળ :

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે,
બાલકને સ્તનપાન વાસના, પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નારકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે.
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમ રાયા રે. ૬૩

ગાથાર્થ :

બીજું સ્થાનક આત્મા નિત્ય છે. કેમ કે તે પહેલાં અનુભવેલી વસ્તુને યાદ કરે છે; તે એવી રીતે કે જેમ કોઈ બાળક જન્મ્યું કે તે પોતાની માતાનું સ્તનપાન કરે છે એટલે ધાવે છે, તે એને કોણે શીખવ્યું ? એ વાસના તેને પૂર્વભવના અનુસારે પ્રાપ્ત થઈ જાણવી. આત્મા નિત્ય છે અને સંસાર પરિભ્રમણમાં તે આત્માના પર્યાય જેવા કે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી એ અનિત્ય છે. તે દેવાદિકનું વિશેષ વિવરણ નીચે લખીએ છીએ.

દેવતાના મુખ્ય ભેદ - ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

મનુષ્ય - ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ; એ પંદર કર્મભૂમિ. ૫ હૈમવંત, ૫ એરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ, એ ત્રીશ અકર્મભૂમિ. અને છપ્પન અંતરદ્વીપ એ રીતે ૧૦૧ મનુષ્યનાં ક્ષેત્ર છે.

નરક સાત છે તેનાં નામ-રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા.

તિર્યંચના મુખ્ય ભેદ પાંચ-જલચર, સ્થલચર, ખેચર, ઉરઃ પરિસર્પ, ભુજપરિસર્પ. એ રીતે દેવ, મનુષ્ય, તિર્યંચ

*મૂળ :*

*ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા, કર્મતણે છે યોગે રે,*
*કુંભકાર જિમ કુંભતણો જગ દંડાદિકસંયોગે રે;*
*નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારે રે,*
*દ્રવ્યકર્મનો-નગરાદિકનો તે ઉપચાર પ્રકાર રે. ૬૪*

ગાથાર્થ :

અને નરકના ભેદ પ્રભેદ એ આત્માના અશુદ્ધ પર્યાય સમજવા. એ પર્યાય અનિત્ય છે એટલે કોઈ મનુષ્ય મરીને દેવ થયો તે વખતે મનુષ્યનો પર્યાય બદલીને દેવનો થયો. માટે પર્યાય અનિત્ય છે, પરંતુ એ મનુષ્યનો આત્મા દ્રવ્યથકી બદલાતો નથી તેથી નિત્ય છે, આત્મરાજા પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણે અવિચલિત અને અખંડિત છે. ૬૩

ત્રીજું સ્થાનક ચેતન કર્તા છે. જેમ કુંભાર દંડ ચક્રાદિકના સંયોગ વડે ઘડાનો કર્તા છે તેમ ચેતન એટલે આત્મા મન, વચન, કાયાના યોગ વડે જ્ઞાનાવરણીયાદિક કર્મનો કર્તા છે. જીવ નિશ્ચયંથી અનુપચરિત શુદ્ધ વ્યવહારે પોતાના જ્ઞાન દર્શન ચારિત્રાદિક ગુણોનો કર્તા છે અને ઉપચારથી જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના દ્રવ્યકર્મનો અને નગર-શહેર વગેરેનો કર્તા છે. ૬૪

મૂળ :

ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળકેરો રે,
વ્યવહારે નિશ્ચયનય દષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે;
પાંચમું થાનક અછે પરમપદ, અચલ અનંત સુખવાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે સુખ ખાસો રે. ૬૫

છટ્ઠું થાનક મોક્ષતણું છે, સંજમ જ્ઞાન ઉપાયો રે,
જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જુઠી કિરિયા રે.
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફરિયા રે. ૬૬

ગાથાર્થ :

ચોથું સ્થાનક જીવ ભોક્તા છે - જીવ વ્યવહારનયના મતે પુણ્ય અને પાપના ફળનો ભોગવનાર છે પણ નિશ્ચયનયની દૃષ્ટિએ જોતાં તે પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોનો જ નક્કી ભોક્તા ઠરે છે.

પાંચમું સ્થાનક મોક્ષ છે - સમકિતનું પાંચમું સ્થાનક પરમ પદ એટલે મોક્ષપદ છે, જે ઠેકાણે નિશ્ચલ અને અનંત સુખનો વાસ છે; શરીરની વ્યાધિ એટલે રોગાદિક અને આધિ એટલે મનની પીડા ઉત્પન્ન થાય છે તે શરીર અને મનનો અભાવ જેને વિશે છે એવા મોક્ષને વિશે સર્વોત્તમ સુખ છે. ૬૫

છઠ્ઠું સ્થાનક મોક્ષનો ઉપાય છે - મોક્ષનો ઉપાય સંયમની ક્રિયા અને જ્ઞાન એ છે. યદુક્તં સૂત્રે - ''જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:'' જ્ઞાન અને ક્રિયા એ બે વડે મોક્ષ થાય છે. તે જો પ્રયાસ વિના સહેજે મળતું હોય તો બીજાં બધાં કારણ નિષ્ફળ થાય. કારણ વિના કાર્ય બનતું જ નથી માટે જ્ઞાન અને ક્રિયારૂપ કારણો વડે મોક્ષરૂપ કાર્ય બને છે. જ્ઞાનવાદીઓ એવું કહે છે કે જ્ઞાન જ સાચું છે, તે વિના બધી ક્રિયા જૂઠી છે; જેમ કોઈ અજ્ઞાની માણસને રૂપું જડે પણ તેને રૂપાનું જ્ઞાન ન હોવાથી તેને પડતું મૂકી છીપને લેવા જાય છે. ૬૬

મૂળ :

*કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે,*
*જલ પેસી કર પદ ન હલાવે, તારુ તે કિમ તરશે રે ?*
*દૂષણ ભૂષણ છે ઈહાં બહોળાં, નય એક ને વાદે રે;*
*સિદ્ધાંતી તે બેહુ પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭*

ગાથાર્થ :

ક્રિયાનય એમ કહે છે કે ક્રિયા વિના એકલું જ્ઞાન શું કરી શકે ? પાણીમાં પેસીને તરવાનું જ્ઞાન છતાં પણ જો તારુ હાથપગને હલાવે નહિ તો તે શી રીતે તરી શકે ? માટે જ્ઞાન અને ક્રિયા બેથી જ કાર્યસિદ્ધિ થાય છે. એકેક નયને વાદે ગુણદોષ ઘણા છે પણ જ્ઞાનવંત એવા સિદ્ધાંતના જાણ સ્યાદ્વાદમતિ તે જ્ઞાનનય અને ક્રિયાનય બંનેને પ્રમાદરહિતપણે સાધે. કેમ કે એકલા જ જ્ઞાનથી તેમજ એકલી ક્રિયાથી કંઈ કામ બનતું નથી.

**तद्यथा–हयं नाणं कियाहीणं, हया अन्नाणओ क्रिया;**
**पिख्खंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधलो. १**

શબ્દાર્થ : ક્રિયારહિત એવું જ્ઞાન તે નાશ પામે છે અને જ્ઞાનથકી રહિત એવી ક્રિયા નાશ પામે છે. જેમ દેખતો એવો પાંગળો માણસ અગ્નિથી બળી ગયો અને દોડતો એવો આંધળો માણસ પણ અગ્નિથી દાઝ્યો.

ભાવાર્થ : જ્ઞાન હોય પણ ક્રિયા ન કરે તે અને ક્રિયા કરતો હોય પણ અજ્ઞાની હોય તે બંનેથી કાર્યસિદ્ધિ થતી નથી. જેમ કોઈ એક વનમાં દાવાનલ લાગ્યો. ત્યાં એક આંધળો હતો અને એક પાંગળો માણસ હતો. આંધળા માણસને ખબર પડવાથી દોડંદોડ કરવાથી દાઝવા લાગ્યો

## મૂળ :

ઈણિપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાળી મન વાલી, તે સમસુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં નિશ્ચળ, કોઈ નહીં તસ તોલે રે,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચકજસ ઈમ બોલે રે. ૬૮

ઈતિ શ્રી સમ્યકત્વના સડસઠ બોલની સજઝાય સંપૂર્ણ.

## ગાથાર્થ :

અને પાંગળો માણસ જો કે દેખતો હતો તો પણ તેનાથી બચવાને રસ્તે જવાતું નહોતું તેથી તે પણ દાઝવા લાગ્યો. પછી તે પાંગળા માણસે આંધળા માણસને નજીક બોલાવી તેને કહ્યું, તું મને ખાંધે બેસાડ, હું તને રસ્તો બતાવું; તે રસ્તે ચાલીશ તો આપણે બંને બચશું. તે તેણે માન્યું અને તેમ કરવાથી બંને બચ્યા. આ ઉપરથી એવું સિદ્ધ થયું કે દેખતો પાંગળો માણસ તે જ્ઞાનવાન્ સમજવો અને દોડતો આંધળો માણસ તે ક્રિયાવાન છે. તે બંને મળ્યા ત્યારે દાવાનળમાંથી બચીને ઈચ્છિત સ્થાને પહોંચ્યા. ૬૭

એ પ્રમાણે સમકિતના સડસઠ બોલ વિચારી જે સમકિતને આરાધે એટલે સેવે અને રાગદ્વેષનો ત્યાગ કરીને મનને જ્ઞાનરૂપ અંકુશ વડે વાળી વશ કરે, તે અનુપમ એવા સમતારૂપી સુખનો અનુભવ કરે. જેનું મન સમકિતમાં દઢ છે તેની બરાબર કોઈ નથી, એવું પંડિત શ્રી શ્રી શ્રી નયવિજયજી મહારાજનાં ચરણકમળના ઉપાસક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે. ૬૮

# સમકિતના સડસઠ બોલની સજઝાય

## દુહા...

સુકૃતવલ્લી કાદંબિની, સમરી સરસ્વતી માત,
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત... ૧

સમકિતદાયક ગુરુતણો પચ્ચુવયાર ન થાય...
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય... ૨

દાનાદિક કિરિયા ન દીયે, સમકિત વિણ શિવ-શર્મ,
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ... ૩

દર્શન મોહ વિનાશથી, જે નિર્મળ ગુણઠાણ;
તે નિશ્ચે સમકિત કહ્યું, તેહના એ અહિઠાણ... ૪

## ઢાળ-૧લી

ચઉ સદ્દહણા તિ લિંગ છે, દશવિધ વિનય વિચારો રે...
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે... ૫

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,
ષટ્ જયણ ષટ્ આગાર, ભાવના છવ્વિહ મન આણીએ.
ષટ્ ઠાણ સમકિત તણાં, સડસઠ ભેદ એહ ઉદાર રે...
એહનો તત્ત્વ વિચાર કરતાં લહીજે ભવપાર રે... ૬

ચઉવિહ સદ્દહણા તિંહા, જીવાદિક પરમત્થો રે...
પ્રવચનમાંહી જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે... ૭

તેહનો અર્થ વિચાર કરીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે જાણ મુનિ ગુણ ઝવહરી..
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજીએ, જીમ પીજીએ સમતા સુધા... ૮

સમકિત જેહને ગ્રહી વમ્યું, નિહ્નવ ને અહાછંદા રે...
પાસત્થા ને કુશીલિયા, વેષ વિડંબક મંદા રે... ૯

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી..
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભળ્યું, ગંગા નીર લુણપણું લહે... ૧૦

## ઢાળ-બીજી

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલો શ્રુત અભિલાષ,
જેહથી શ્રોતા રસ લહે રે... જેહવો સાકર-દ્રાખ રે...
પ્રાણિ ! ધરિયે સમકિત રંગ,
જિમ લહિયે સુખ અભંગ રે... પ્રાણિ... ૧૧

તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે..પ્રાણી.. ૧૨

ભુખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિ જ બીજું લિંગ રે...પ્રાણી...૧૩

વૈયાવચ્ચ ગુરુ-દેવની રે, ત્રીજું લિંગ ઉદાર,
વિદ્યા સાધક તણી પરે રે, આળસ નવિ ય લગાર..પ્રાણી.. ૧૪

## ઢાળ-૩

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ,
ચેઈઅ જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ ચતુર નર સમજો
વિનય પ્રકાર... જિમ લહીએ સમકિત-સાર ચતુર નર... ૧૫

ધર્મ ખિમાદિક ભાખિયોજી, સાધુ તેહના રે ગેહ..
આચાર જ આચરનાજી, દાયક નાયક જેહ.. ચતુર.. ૧૬

ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણ હાર;
પ્રવચન સંઘ વખાણિયે જી, દરિસણ સમકિત સાર..ચતુર નર.૧૭

ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન;
ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ...ચતુર.૧૮

પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ;
સિંચે તેહ સુધારસે જી, ધર્મ વૃક્ષનું મૂળ... ચતુર... ૧૯

## ઢાળ-૪

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મન શુદ્ધિ રે...
શ્રી જિનને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિ રે...ચતુર
વિચારો ચિત્તમાં રે.૨૦

જિન ભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે...
એવું જે મુખે ભાખિયે રે.. તે વચનશુદ્ધિ કહેવાય રે... ૨૧

છેદ્યો ભેદ્યો વેદના રે, સહેતો અનેક પ્રકાર રે...
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાય શુદ્ધિ ઉદાર રે. ૨૨

## ઢાળ-૫

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે...
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે.. સમ. ૨૩

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ,
પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજીએ સમ. ૨૪

સંશય ધર્મના ફલતણો, વિતિગિચ્છા નામે
ત્રીજું દુષણ પરિહરો, નિજ શુભ પરિણામે... સમ... ૨૫

મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ...
ઉન્મારગી થુણતાં હુવે, ઉન્મારગ પોષ... સમ...૨૬

પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે
ઈમ શુભમતિ અરવિંદની, ભલી વાસના લીજે... સમ...૨૭

## ઢાળ-૬

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યાં, પાવયણિ ધુરિ જાણ..
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ... ધન ધન
શાસનમંડન મુનિવરા... ૨૮

ધર્મકથી તે બીજો જાણીએ, નંદીષેણ પરે જેહ,
નિજ ઉપદેશે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ... ધન... ૨૯

વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ,
રાજદ્વારે જયકમલા વરે, ગાજંતો જીમ મેહ રે... ધન... ૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ...
તેહ નૈમિત્તિ રે ચોથો જાણીએ, શ્રી જિનશાસન રાજ રે.ધન. ૩૧

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ રે...
આસ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ રે. ધન. ૩૨

છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી, જિમ શ્રી વયર મુણીંદ..
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિચંદ રે.ધન.૩૩

કાવ્ય સુધારસ મધુર અર્થભર્યા, ધર્મહેતુ કરે જેહ..
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ રે.ધન..૩૪

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વક અનેક...
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક...ધન...૩૫

## ઢાળ - ૭

સોહે સમકિત જેહથી સખી, જિમ આભરણે દેહ,
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મન વસ્યાં તેહમાં નહિ સંદેહ...
મુજ સમકિત રંગ અચલ હોજો રે.... ૩૬

પહેલું કુશલપણું તિહાં સખી, વંદન ને પચ્ચખાણ,
કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી અતિ ઘણો આચરે તેહ સુજાણ.
મુજ સમકિત...૩૭

બીજું તીરથ સેવના સખી, તીરથ તારે જેહ,
જે ગીતારથ મુનિવરા સખી, તેહશું કીજે નેહ. મુજ સમકિત. ૩૮

ભગતિ કરે ગુરુદેવની, સખી ત્રીજું ભુષણ હોય,
કિણહી ચલાવ્યો નવિ ચલે, સખી ચોથું ભુષણ જોય. મુજ સ૦ ૩૯

જિનશાસન અનુમોદના સખી જેહથી બહુજન હુંત,
કીજે તેહ પ્રભાવના સખી, પાંચમું ભૂષણ ખંત. મુજ સ૦. ૪૦

## ઢાળ - ૮

લક્ષણ પાંચ કહ્યા સમકિત તણાં, ધુર ઉપશમ અનુકૂળ સુગુણ નર,
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકુળ...સુગુણ નર.
શ્રીજિન ભાષિત વચન વિચારીએ....૪૧

સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક સુગુણ,
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક.... સુગુણ....૪૨

નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ.. સુગુણ..
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ..... ૪૩

દ્રવ્ય થકી દુખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ...સુગુણ...
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ.. સુગુણ..૪૪

જે જિનભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દઢ રંગ...સુગુણ...
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ. સુગુણ.૪૫

## ઢાળ - ૯

પરતીરથી પરના સુર, તેણે ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ,
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેદ રે..
ભવિકા સમ્કિત યતના કીજે. ૪૬

વંદન તે કરયોજન કહિએ, નમન તે શીષ નમાવે,
દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાવે રે....૪૭

અનુપ્રદાન તે તેહને કહિયે, વારંવાર જે દાન,
દોષ કુપાત્રે પાત્રમતિ એ, નહિં અનુકંપા માન રે....૪૮

અણ બોલાવે જે બોલવું, તે કહિયે આલાપ,
વારંવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે....૪૯

એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર,
એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે....૫૦

## ઢાળ - ૧૦

શુદ્ધ ધર્મથી નવિ ચળે, અતિ દઢ ગુણ આધાર લલના....
તો પણ જે નહિ એહવા, તેહને એહ આગાર... લલના..૫૧

બોલ્યું તેહવું પાળીએ, દંતિદંત સમ બોલ લલના....
સજ્જન ને દુર્જનતણા કચ્છપ કોટિને તોલ લલના....૫૨
બોલ્યું તેહવું...

રાજા નગરાદિકનો ધણી, તસ શાસન અભિયોગ લલના....
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના....૫૩
બોલ્યું તેહવું...

મેળો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના....
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરુઠાણ લલના....૫૪
બોલ્યું તેહવું...

વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના....
તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર...લલના....૫૫
બોલ્યું તેહવું...

## ઢાળ - ૧૧

ભાવિજે રે ! સમકિત જેહથી રુઅડું, તે ભાવના રે !
ભાવો કરી મન પરવડું,
જો સમકિત રે ! તાજું સાજું મૂળ રે ! તો વ્રત-તરુ રે !
દીએ શિવફળ અનુકૂળ રે !.. ૫૬

અનુકૂળ મૂળ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જુઠો ધંધ એ....
એ પ્રથમ ભાવના ગુણે રુડી, સુણો બીજી ભાવના...
બારણું સમકિત ધર્મ પુરનું એહવી એ પાવના.....૫૭

ત્રીજી ભાવના રે ! સમકિત પીઠ જો દઢ ગ્રહી
તો મોટો રે ! ધર્મ પ્રાસાદ ડગે નહીં !

પાયે ખોટો રે ! મોટો મંડાણ ન શોભિયે....
તેણે કારણે રે ! સમકિત શું ચિત્ત થોભિયે....૫૮

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ,
તેહ વિના છુટા રત્ન સરીખા, મૂલ-ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે.....૫૯

ભાવો પાંચમી રે ! ભાવના સમદમ સાર રે....
પૃથ્વી પરે રે ! સમકિત તસ આધાર રે.....
છઠ્ઠી ભાવના રે ! સમકિત ભાજન જો મળે,
શ્રુત શીલનો રે ! તો રસ તેહમાં નવિ ઢળે....૬૦

નવિ ઢળે સમકિત ભાવનો રસ અમિય રસ સુંદર તણો,
ષટ્ ભાવના એ કહી, એહમાં કરો આદર અતિ ઘણો,
ઈમ ભાવતા પરમારથ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ, પ્રગટે ચિદાનંદ કલ્લોલ એ......૬૧

## ઢાળ - ૧૨

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટ્વિધિ કહિયે રે....
તિહાં પહેલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયે રે....
ખીર નીર પરે પુદ્ગલ મિશ્રિત, પણ એહથી અળગો રે....
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે.... ૬૨

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભવ સંભારે રે...
બાલકને સ્તનપાન વાસના, પૂરવ ભવ અનુસારે રે....
દેવ મનુજ નારકાદિક, તેહના છે અનિત્ય પર્યાયો રે.
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત નિજ ગુણ આતમ રાયા રે....૬૩

ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા, કર્મ તણે છે યોગે રે,
કુંભકાર જિમ કુંભ તણો જગ દંડાદિક સંયોગે રે,
નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારે રે...
દ્રવ્ય કર્મનો-નગરાદિકનો તે ઉપચાર પ્રકાર રે..... ૬૪

ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળ કેરો રે,
વ્યવહારે નિશ્ચયનય દૃષ્ટિ નિજ ગુણ નેરો રે,
પાંચમું થાનક એ છે પરમપદ, અમલ અનંત સુખવાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે સુખ ખાસો રે. ૬૫

છઠ્ઠું થાનક મોક્ષ તણું છે, સંજમ જ્ઞાન ઉપાયો રે,
જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે...
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જુઠી કિરિયા રે...
ન લહે રૂપું રૂપું જાણી, સીસ ભણી જે ફિરિયા રે....૬૬

કહે કિરિયા નય કિરિયા વિણ, જે જ્ઞાન તેહ શું કરશે રે...
જલ પૈસી કર પદ ન હલાવે, તારા તે કિમ તરશે રે...
દૂષણ ભૂષણ છે ઇહાં બહુલા, નવ એક એક ને વાદે રે...
સિદ્ધાંતી તે બિહુ પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે... ૬૭

ઇણિપરે સડસઠ બોલ વિચારી જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાળી મન વાલી તે સમસુખ અવગાહે રે....
જેહનું મન સમકિતમાં નિશ્ચળ, કોઇ નહીં તસ તોલે રે....
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ બોલે રે.૬૮

• • •